નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૨૭/૦૨/૨૦૨૩ થી ૦૫/૦૩/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
| --- | --- |


**ખેરગામ પોલીસ સ્ટેશન**

PHONE No.:02634-220633

Email:-polstn-khergam-nav@gujarat.gov.in


**પ્રેસ નોટ- તા.૦૪/૦૩/૨૦૨૩**

**"સ્થાનિક લોકોની જાગૃકતા તથા પોલીસની સતર્કતા અને ત્વરીત કાર્યાવાહીના ટીમવર્કથી રીઢા ઘરફોડ ચોરને લાઇવ ઘરફોડ ચોરી કરતા રેડ હેન્ડેડ ઝડપી પાડતી ખેરગામ પોલીસ ટીમ"**

અધિક પોલીસ મહાનિર્દેશક, સુરત વિભાગ, સુરત, શ્રી પીયૂષ પટેલ સાહેબ, IPS તથા શ્રી ડો.કરણરાજ વાઘેલા IPS, ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી નાઓએ ખેરગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરી તથાઅન્ય મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા માટે તથા જરુર વોચ રાખી સફળ કામગીરી કરવા માટે જરુરી સુચના તથા માર્ગદર્શન આપેલ. જે અનુસંધાને શ્રી એસ.કે.રાય, નાયબ પોલીસ અધિક્ષક,નવસારી વિભાગ નાઓ દ્વારા પણ અસરકારક કામગીરી કરવા માટે જરુરી સુચનાઓ આપવામાં આવેલ.

જે અનુસંધાને તા.૦૩/૦૩/૨૦૨૩ ના રોજ ખેરગામ પો.સ્ટે વિસ્તારના રુમલા ચોકીના બરડીપાડા ગામ ખાતે શ્રી નરેશભાઇ ગાંવિત ના બંધ મકાનમાં બપોરના સમયે શંકાસ્પદ હિલચાલ થતી હોવાનું તેમની બાજુમાં રહેતા ભરતભાઇ ગાંવિત નાઓને જણાતા તેમણે તાત્કાલિક ખેરગામ પો.સ્ટે ખાતે પો.સબ.ઇન્સ જે.વી.ચાવડા નાઓને ટેલીફોનીક જાણ કરતા તેઓદ્વારા તાત્કાલિક રુમલા ચોકીના હેડ કોન્સ્ટેબલ મોહનભાઇ ભોરુભાઇ તથા પોલીસ કોન્સ્ટેબલ મનહરભાઇ બાલુભાઇ તથા પી.સી.આર ઇન્ચાર્જ એ.એસ.આઇ સુરેશભાઇ મદારભાઇ નાઓને મોબાઇલ ફોનદ્વારા જરુરી સમજ કરી સ્થળ ઉપર રવાના કરતા ખેરગામ પોલીસ સ્ટાફ દ્વારા તાત્કાલિક બનાવવાળી જગ્યાએ પહોચી રહેણાંક ઘરની ખાત્રી કરતા ઘરનો પાછળનો દરવાજો બાકોરુ પાડી ખોલી નાખેલ હાલતમાં ખુલ્લો હોવાનું જણાતા પોલીસ સ્ટાફ દ્વારા ઘરમાં અંદર પ્રવેશી નીચેના માળેથી એક ચોર ઇસમને લાઈવ ઘરફોડ ચોરી કરતા રેડ હેન્ડેડ પકડી પાડેલ હતો. આ દરમ્યાન  બીજો એક ચોર ઇસમ ઘરના પ્રથમ માળે હોવાથી તે ઘરના ધાબા ઉપર ચઢી ત્યાંથી નળીયાના ભાગે નીચે કુદી નાસી ગયેલ જેને પકડવાની કોશીશ કરતા પકડી શકાયેલ નહી.

સદર બાબતે ફરીયાદીશ્રી દ્વારા ખેરગામ પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૮૨૨૦૦૪૨૩૦૧૬૯ આઇ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. તથા રેડ હેન્ડેડ પકડાયેલ આરોપી સંદિપભાઇ S/O નારણદાસ ઝીણાભાઇ કોળી પટેલ ઉ.વ.૪૨ હાલ રહે- સુરત જય શિવમ સોસાયટી શિંગણપોરતા.ચોર્યાસી જી.સુરત મુળ રહેવાસી- આંતલીયા વાણીયા ફળીયુ; તા.ચીખલી જી.નવસારી નાઓએ ઘરમાંથી ચોરી કરેલ ચાંદીના સાંકળા કુલ-૩ કિ.રુ.-૪૦૦૦/- તથા  મોબાઇલ ફોન નંગ-૨ કિ.રુ.૩૫૦૦-/તથા એક્ટીવા સ્કૂટર નંબર-GJ-21-BH-3816કિ.રૂ.૩૦,૦૦૦/-તથા રોકડ રકમ રુપિયા ૨૦૦/- તથા લોખંડની એક મોટી પરાઇ સાથે અટક કરવામાં આવેલ છેતથા તેની સાથેના નાસી જનાર અન્ય ચોર ઇસમને ઝડપી પાડવા માટેના પ્રયત્નો હાલ ચાલુ છે. તથા સદર ગુનાની આગળની તપાસ પો.સ.ઇ શ્રી એસ.એસ.માલ ખેરગામ પો.સ્ટે નાઓ કરી રહેલ છે.

ઉપરોક્ત રીઢા ઘરફોડ ચોર ઇસમની પુછપરછ કરતા તથા ગુજરાત પોલીસની FACETAGR એપ્લીકેશન તથા ઇ-ગુજકોપ એપ્લીકેશન મારફતે ખાત્રી કરતા આરોપીનો નીચે મુજબનો ગુનાહીત ઇતિહાસ જણાય આવેલ છે.

**❖ પકડાયેલ આરોપીનો ગુનાહીત ઇતિહાસ :-**

(૧) ચીખલી પો.સ્ટે I ગુ.ર.નં.-૦૧૨૬/૨૦૧૮, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૨) ચીખલી પો.સ્ટે I ગુ.ર.નં.-૦૧૩૮/૨૦૧૮, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૩) બીલીમોરા પો.સ્ટે I ગુ.ર.નં.-૦૦૭૦/૨૦૧૮, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૪) નવસારી રુરલ પો.સ્ટે I ગુ.ર.નં.-૦૦૮૩/૨૦૧૬, આઇ.પી.સી. ક.૩૭૯
(૫) વલસાડ રુરલ પો.સ્ટે I ગુ.ર.નં.-૦૧૦૬/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૬) વલસાડ રુરલ પો.સ્ટે I ગુ.ર.નં.-૦૧૨૧/૨૦૧૮, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૭) ધરમપુર પો.સ્ટે I ગુ.ર.નં.-૦૦૩૩/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૮) ધરમપુર પો.સ્ટે I ગુ.ર.નં.-૦૦૨૨/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૯) કપરાડા પો.સ્ટે I ગુ.ર.નં.-૦૧૧૩/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૧૦) કપરાડા પો.સ્ટે I ગુ.ર.નં.-૦૦૨૭/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૧૧) કપરાડા પો.સ્ટે I ગુ.ર.નં.-૦૦૩૫/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૧૨) કપરાડા પો.સ્ટે I ગુ.ર.નં.-૦૦૨૧/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૧૩) પારડી પો.સ્ટે I ગુ.ર.નં.-૦૧૪૯/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦
(૧૪) પારડી પો.સ્ટે I ગુ.ર.નં.-૦૦૨૫/૨૦૧૫, આઇ.પી.સી. ક. ૪૫૪, ૩૮૦

વધુમાં પકડાયેલ આરોપી વિરુધ્ધ વલસાડ શહેર પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૧૭૧/૨૦૧૫ આઇ.પી.સી. ક. ૪૦૬, ૪૨૦ મુજબનોફરીયાદીને કેનેડા, ન્યુઝી લેન્ડ, જર્મની, ફ્રાન્સ, અન્ય યુરોપીયન દેશોના વિઝા કાઢી આપવાની લાલચ આપી વિશ્રવાસ ઘાત અને છેતરપીંડી આચરી ઠગાઇ કરવાનો ગુનો નોંધાયેલ હોય, સદર ગુનાના કામે નામદાર ડીસ્ટ્રીક કોર્ટ વલસાડદ્વારા ગત તારીખ ૧૧/૦૧/૨૦૨૩ ના રોજ  હાલના આરોપીને સાત વર્ષની સખત કેદની સજા અને રુપીયા ૨૧,૦૦,૦૦૦-/ ના દંડની સજા ફરમાવવામાં આવેલ છે. જે હુકમ આધારે હાલના આરોપીએ પાકા કામના કેદી તરીકેપ્રાથમિક સજા ભોગવી ગત ફેબ્રુઆરી માસમાં જ નામદાર કોર્ટની શરતોને આધિન દંડની અમુક રકમ ભરી પાકા કામના કેદી તરીકે જામીન મુક્ત થયેલ છે. અને ત્યાર બાદ સદર ઉપરોક્ત મુજબનો ગુનો આચરેલ છે.

❖ **ગુનામાં સંડોવાયેલ આરોપી :-**સંદિપભાઇ S/O નારણદાસ ઝીણાભાઇ કોળી પટેલ ઉ.વ.૪૨ હાલરહે- સુરત જય શિવમ સોસાયટી શિંગણપોરતા.ચોર્યાસી જી.સુરત મુળ રહેવાસી- આંતલીયા વાણીયા ફળીયુ; તા.ચીખલી જી.નવસારી તથા અન્ય એક અજાણ્યો ઇસમ

❖ **ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદામાલની વિગત :-**
ચાંદીના સાંકળા નંગ-૩ આશરે કિ.રૂ.૪૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૩૫૦૦/-,રોકડ રકમ રુપિયા ૨૦૦/- તથાલોખંડની એક મોટી પરાઇ તથાએક સફેદ કલરનું GJ-21-BH-3816નંબરનું એક્ટીવાકિ.રૂ.૩૦,૦૦૦/-જેની માલિકી બાબતે ગુજરાત પોલસની પોકેટ કોપ એપ્લીકેશન મારફતે ખરાઇ કરતા સદર એક્ટીવાના માલિક તરીકે હાલના પકડાયેલ આરોપીની પત્નિ રોશનીબેન ની માલિકીનું હોવાનું જણાય આવેલ છે.

❖ **કામગીરી કરનાર ખેરગામ પોલીસ ટીમના સભ્યો :-**
પો.સબ.ઇન્સ જે.વી.ચાવડા,એ.એસ.આઇ સુરેશભાઇ મદારભાઇ, હેડ કોન્સ્ટેબલ મોહનભાઇ ભોરુભાઇ, પોલીસ કોન્સ્ટેબલ મનહરભાઇ બાલુભાઇ

**આમ સ્થાનિક લોકોની જાગૃકતા તથા ખેરગામ પોલીસ ટીમની સતર્કતા અને ત્વરીત કાર્યાવાહીના ટીમવર્કથી ઘરમાં રાખેલા ૭-૮ લાખ રુપિયાના દાગીના તથા રોકડ રકમ સહીતના મુદામાલને ચોરી થતો અટકાવી રીઢા ઘરફોડ ચોરને લાઈવ ઘરફોડ ચોરી કરતા રેડ હેન્ડેડ ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.**





# પ્રેસ નોટ

## તા.૦૪/૦૩/૨૦૨૩

## ત્રણ સગીરવયની બાળકીઓને રેસ્કયુ કરતી નવસારી જીલ્લા પોલીસ

મે.પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર નાઓએ તા.૦૨/૦૩/૨૦૨૩ થી તા.૧૧/૦૩/૨૦૨૩ સુધી CHILD SAFETY અંતર્ગત રાજ્યના તમામ શહેર/જીલ્લા ખાતે મિસિંગ બાળક/બાળકીઓને શોધી કાઢવા ડ્રાઈવ રાખેલ. જે અન્વયે અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સુરત રેન્જ **શ્રી પિયુષ પટેલનાઓની** સુચના આધારે નવસારી જીલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી ડૉ.કરનરાજ વાઘેલા તથા ડી.વાય.એસ.પી.શ્રી એસ .કે.રાય નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર AHTU શ્રી.કે.બી.દેસાઈ નાઓ તેમજ તેઓની ટીમ વ્દારા (૧) નવસારી રૂરલ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૩૩/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૬૩ ,૩૬૬ મુજબના છેલ્લા પાંચ વર્ષથી અનડીટેક્ટ રહેલ ગુનાના કામે અપહરણ થયેલ સગીર વયની બાળકી તેમજ (૨) નવસારી ટાઉન પો.સ્ટે.ના ફ્સ્ટ ગુ.ર.નં. ૧૧૬૬/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ગુનામાં છેલ્લા સાત મહીનાથી અન ડીટેક્ટ રહેલ ગુનામાં સગીરવયની બાળકીઓને શોધી કાઢી રેસ્કયુ કરેલ છે.

તથા સદર ડ્રાઇવ અંતર્ગત નવસારી ટાઉન પો.સ્ટે.ના પો.ઇ.શ્રી કે.એચ.ચૌધરી તથા તેઓની ટીમ વ્દારા નવસારી ટાઉન પો.સ્ટે.ના ગુ.ર.નં.૧૯૫૦/૨૦૨૨ ઇપીકો ક.૩૬૩, ૩૬૬ મુજબના ગુનાના કામે અપહરણ થયેલ સગીર વયની બાળકીને રેસ્કયુ કરી તથા આરોપી આકાશ પ્રકાશભાઇ પટેલ રહે.નવસારી તિઘરા આલીફનગર, તા.જી.નવસારીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આમ ત્રણ દિવસના ટુંકાગાળામાં નવસારી પોલીસે ત્રણ સગીર વયની બાળકીઓને શોંધી રેસ્કયુ કરવામાં સફળતા મેળવેલ છે.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત નવસારી જીલ્લા પોલીસની તમામ કચેરીઓ- પોલીસ લાઇનની સફાઇ કરવામાં આવેલ.









## લોકલ ક્રાઈમ બ્રાન્ચ,નવસારી

ટેલીફોન નંબર ૦૨૬૩૭-૨૪૭૫૦૮
sp-nav-legal@gujarat.gov.in

आज़ादी का अमृत महोत्सव

### પ્રેસનોટ તા.૦૧/૦૩/૨૦૨૩

### ભારતીય બનાવટની વિદેશીદારૂની બાટલીઓ નંગ-૬૦, કિ.રૂ.૧,૨૦,૦૦૦/-ના પ્રોહી મુદામાલ સાથે બે આરોપીઓને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી નવસારી

**મે.પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર** નાઓએ આગામી હોળી-ધુળેટીના તહેવાર નિમિતે ગુજરાત રાજ્યમાં પ્રોહીની પ્રવૃત્તિ રોકવા સારૂ તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૦૮/૦૩/૨૦૨૩ સુધી પ્રોહી ડ્રાઈવનું આયોજન કરેલ હોય જે અનુસંધાને **શ્રી કરણરાજ વાઘેલા, IPS ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી** નાઓએ નવસારી જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા તથા પ્રોહી લીસ્ટેડ બુટલેગરો તથા પ્રોહી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ઉપર વોચ રાખી, માહિતી મેળવી સફળ રેઈડો કરવા તથા પ્રોહી કેસો શોધી કાઢવા માટે **ડી.એસ.કોરાટ,પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી.નવસારી** નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

ઉપરોકત સુચનાઓ અંગે અસરકારક કામગીરી કરવા ડી.એસ.કોરાટ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી.નવસારી નાઓએ એલ.સી.બી.સ્ટાફના અધિકારીઓ પો.સ.ઈ. એ.આર.સુર્યવંશી, પો.સ.ઈ. એસ.ટી.પારગી તથા પોલીસ કર્મચારીઓને પ્રોહીબીશન અંગેની હેરાફેરી ની ગેરકાયદેસરની પ્રવૃતિ રોકવા ખાનગી બાતમીદારો રોકી બાતમી હકીકત મેળવી ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન થાય તેવી સુચના આપેલ.

જે અન્વયે તા.૦૧/૦૩/૨૦૨૩ ના રોજ **પો.સ.ઈ.એ.આર.સુર્યવંશી** તથા **પો.સ.ઈ.એસ.ટી.પારગી** નાઓ એલ.સી.બી.સ્ટાફના પોલીસ માણસો સાથે પ્રોહી ગુના સબબ નવસારી જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન **PC કિરણભાઈ ભગુભાઈ તથા PC તાહિરઅલી શાહબુદ્દિન** નાઓને સયુંકત રીતે મળેલ બાતમી હકીકત આધારે મોજે ને.હા.નં-૪૮ આલીપોર વસુધારા ડેરી ઓવર બ્રીજના ઉત્તર છેડે મુંબઈથી સુરત જતા ટ્રેક ઉપર વોચ ગોઠવી આરોપીઓ (૧) દાદા ઉમર ભાદરકા ઉ.વ.૪૮ રહે. પ્રભાસ પાટણ, ગુલાબનગર, તા.વિરાવળ,જિ.ગીર સોમનાથ. તથા (૨) સિદ્દિકશાહ ઈસ્માઈલશાહ ભાનવા ઉ.વ.૬૨ રહે. માંગરોળગામ, જુમ્મા મસ્જીદની પાછળ તા.માગરોળ, જિ.જુનાગઢ નાઓના કબજાના ટાટા ટ્રક નંબર- **GJ 32 T 5966** માંથી **ભારતીય બનાવટની વિદેશીદારૂની બાટલીઓ નંગ-૬૦, કિ.રૂ.૧,૨૦,૦૦૦/- ના પ્રોહી મુદ્દામાલ** સાથે પકડી પાડી પકડાયેલ આરોપીઓ તથા વોન્ટેડ આરોપી વિરૂધ્ધમાં ચીખલી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશનનો ગુનો રજીસ્ટર કરાવેલ છે.




## લોકલ ક્રાઈમ બ્રાન્ચ,નવસારી

ટેલીફોન નંબર ૦૨૬૩૭-૨૪૭૫૦૮
sp-nav-legal@gujarat.gov.in

आज़ादी का अमृत महोत्सव

### પ્રેસનોટ તા.૦૧/૦૩/૨૦૨૩

### ભારતીય બનાવટની વિદેશીદારૂની બાટલીઓ નંગ-૨૪૭, કિ.રૂ.૨,૦૭,૨૦૦/- ના પ્રોહી મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી નવસારી

**મે.પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર** નાઓએ આગામી હોળી-ધુળેટીના તહેવાર નિમિતે ગુજરાત રાજ્યમાં પ્રોહીની પ્રવૃત્તિ રોકવા સારૂ તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૦૮/૦૩/૨૦૨૩ સુધી પ્રોહી ડ્રાઈવનું આયોજન કરેલ હોય જે અનુસંધાને **શ્રી કરણરાજ વાઘેલા, IPS ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી** નાઓએ નવસારી જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા તથા પ્રોહી લીસ્ટેડ બુટલેગરો તથા પ્રોહી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ઉપર વોચ રાખી, માહિતી મેળવી સફળ રેઈડો કરવા તથા પ્રોહી કેસો શોધી કાઢવા માટે **ડી.એસ.કોરાટ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી.નવસારી** નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

ઉપરોકત સુચના અનુસંધાને તા.૦૧/૦૩/૨૦૨૩ ના રોજ **ડી.એસ.કોરાટ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી.નવસારી**નાઓ એલ.સી.બી.સ્ટાફના અધિકારીઓ **પો.સ.ઈ. એ.આર.સુર્યવંશી**, **પો.સ.ઈ.એસ.ટી.પારગી** તથા પોલીસ કર્મચારી સાથે પ્રોહી ગુના સબબ નવસારી જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન **PC કિરણભાઈ ભગુભાઈ તથા PC અનિલભાઈ રમેશભાઈ** નાઓને સયુંકત રીતે મળેલ બાતમી હકીકત આધારે મોજે મલીયાધરાથી પીપલગભાણ જતા રોડ ઉપર સોલધારા હનુમાનજીના મંદિર સામે જાહેર રોડ ઉપર વોચ ગોઠવી **આરોપી-દેવિસ ઉર્ફે દેવલોનાગ કાંતીલાલ પટેલ રહે. ચીચવાડાગામ, સ્કુલ ફળીયાં,તા.જિ.વલસાડ** નાઓના કબજાની ઈકો સ્પોર્ટ કાર નંબર-**GJ 15 CF 2375** માંથી **ભારતીય બનાવટની વિદેશીદારૂની બાટલીઓ કુલ-૨૪૭ નંગ કિ.રૂ.૨,૦૭,૨૦૦/- ના પ્રોહી મુદામાલ** સાથે પકડી પાડી પકડાયેલ આરોપી તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં ચીખલી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશનનો ગુનો રજીસ્ટર કરાવેલ છે.

❖ **પકડાયેલ આરોપી:-**

**(૧)દેવિસ ઉર્ફે દેવલોનાગ કાંતીલાલ પટેલ રહે. ચીચવાડાગામ, સ્કુલ ફળીયાં,તા.જિ.વલસાડ**

❖ **વોન્ટેડ આરોપીઓ;-(પ્રોહી મુદ્દામાલ ભરાવનાર)**

**(૨) હેમંત તંબાડી રહે.તંબાડી-વાપી, જી.વલસાડ**

**(૩) સંજય રહે.તંબાડી-વાપી, જી.વલસાડ**

❖ **વોન્ટેડ આરોપી;-(પ્રોહી મુદ્દામાલ મંગાવનાર)**

**(૪) એક કાળા કલરની પેસન પ્રો મોટર સાયકલવાળો ઈસમ જેનું નામ સરનામુ જણાયેલ નથી.**

